# પેથાપુર-મહુડી માર્ગનો એપ્રોચ વાઈબ્રન્ટ પૂર્વે તૈયાર થઈ જશે

## તંત્ર દ્વારા આ વિસ્તારમાંથી ૫૦ દબાણો પણ દૂર કરાયા

ગાંધીનગર, તા.૩૧

પેથાપુર-મહુડી રોડને ફોરલેન બનાવાનું કામ શરુ કરી દેવાયું છે જયારે વાઈબ્રન્ટ સમિટ પૂર્વે આ માર્ગને સુંદર એપ્રોચ માર્ગ મળે તે માટે ૫ કી.મી. સુધી ડામરકામ પૂર્ણ કરી દેવાશે. પેથાપુર ચોકડી પાસેથી પણ તંત્ર દ્વારા ૪૦ જેટલા દબાણો દૂર કરવામાં આવ્યા છે.

વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરના વિવિધ રસ્તાઓને ચકાચક બનાવી દેવાયા છે. નગરના મુખ્યમાર્ગોનું જરુરી રીસરફેસીંગ તેમજ સફાઈ કરી બ્યુટીફીકેશન કરી દેવાયું છે. જયારે રોડ ફર્નિચરને લગતી કામગીરી પણ પૂર્ણ કરી દેવાઈ છે. બીજી તરફ પેથાપુર મહુડી માર્ગને અનુલક્ષીને પણ જરુરી ડામર કામ શરુ કરી દેવાયું છે. પેથાપુર-મહુડી માર્ગ પ્રવાસનપથ તરીકે ઓળખાય છે. આ માર્ગને ફોરલેન બનાવવાનું કામ શરુ કરી દેવાયું છે. જયારે આગામી વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ હાલ તાત્કાલિક આ માર્ગના એપ્રોચને ભવ્ય બનાવવા ડામરકામ હાથ ધરવામાં આવ્યું છે. પેથાપુર ચોકડીથી ૫ કી.મી. ના અંતર સુધી ડામર કામ પૂર્ણ કરવા કામ હાથ ધરવામાં આવ્યું છે. વાઈબ્રન્ટ દરમિયાન એપ્રોચ રસ્તાને યોગ્ય કરી દવાશે. આ ઉપરાંત પેથાપુર ફાટકથી લઈ ઘ-૭ના ચાર રસ્તા સુધીના વિસ્તારમાંથી દબાણો પણ દુર કરી દેવાયા છે. તંત્ર દ્વારા આ વિસ્તારમાંથી લારી ગલ્લાના ૪૦ જેટલા દબાણો દૂર હટાવાયા છે.જયારે વાઈબ્રન્ટ પૂર્વે આ માર્ગના અમુક અંતર સુધીનું ડામર કામ પણ પૂર્ણ કરી દેવાશે જયારે એપ્રોચ રસ્તાને પણ ચકાચક બનાવી દેવાશે.



**બંધ ટેલીફોન :** ટેલીફોન રણકે ત્યારે જ એનો જન્મારો યથાર્થ કહેવાય. બંધ કે બગડેલા ટેલીફોનના ઈન્સ્ટુમેન્ટની હાલત કેવી હોય છે તેનો તાદશ્ય નમૂનો આ તસવીરમાં પ્રતિબિંબ થાય છે.

# સે-૨૯માં પરિણીતાનો ઝેરી દવા ગટગટાવી આપઘાત

## આપઘાતનું કારણ અકબંધ : ૧૨ કલાક મૃત્યુ સામે પરિણીતા ઝઝુમી

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરના સેકટર-૨૯ ખાતે પાંડવ એપાર્ટમેન્ટમાં રહેતી ૩૩ વર્ષીય પરિણીતાએ ગઈ સાંજે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લીધી હતી. તાત્કાલિક એપોલો હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયેલી પરિણીતા આજ સુવાર સુધી અંદાજે ૧૨ કલાક મૃત્યુ સામે ઝઝુમી હતી આખરે તેણીએ હોસ્પિટલમાં શ્વાસ છોડયા હતા. સે-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું જ કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ શહેરના સે-૨૯ પાંડવ એપાર્ટમેન્ટ પ્લોટ નં. ૨૯૮/૧ ખાતે રહેતી ૩૩ વર્ય પરિણીતા પિન્કીબેન પ્રકાશભાઈ પટેલે ગઈ સાંજે કોઈ કારણોસર પોતાના ઘરે જ ઝેરી દવા ગટગટાવી લીધી હતી તેણીના પતિ વેપારી છે અને બે સંતાનો છે. પિન્કીબેને કયાં કારણોસર આ પગલું ભર્યું તે બાબત હજુ બહાર આવી નથી. તાત્કાલિક તેણીને સારવાર માટે એપોલો હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતાં. આજે સવારે તેણીનું સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નિપજયું હતું. સે-૨૧ પોલીસ મથકના એએસઆઈ વી.પી. સોલંકીએ અકસ્માત મોતનો ગુનો નોંધી ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

# રવિવારે સવારે પુસ્તક પરબ યોજાશે

## ગાંધીનગર ઉપરાંત કલોલ અને પ્રાંતિજ ખાતે પણ પુસ્તક પરબનું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૩૧

માતૃભાષા અભિયાન દ્વારા દર મહિનાના પ્રથમ રવિવારે વિવિધ શહેરોમાં પુસ્તક પરબનું આયોજન કરવામાં આવે છે. આ પુસ્તક પરબમાં એક વ્યકિત દીઠ બે પુસ્તકો વિના મૂલ્યે વિતરણ કરવામાં આવે છે તેમજ પુસ્તકો અને મેગેઝીન્સ ભેટ કે દાન સ્વરૂપે સ્વીકારવામાં આવે છે. પુસ્તોકના વાંચન દ્વારા માતૃભાષાનો વિકાસ થાય અને લોકોમાં વાંચન પ્રત્યે રૂચિ વધે, ભાષા પ્રત્યે રૂચિ વધે તે હેતુથી આ કાર્યક્રમ યોજવામાં આવે છે.

ગાંધીનગરમાં વર્ષ ૨૦૧૫ની પ્રથમ પુસ્તક પરબ તા. ૪થી જાન્યુઆરીએ સવારે ૭.૩૦ થી ૯.૦૦ વાગ્યા દરમિયાન ઘ-૪ સર્કલ પાસે ઉદ્યોગ ભવનની સામે યોજાશે. આ ઉપરાંત કલોલ અને પ્રાંતિજ ખાતે પણ પુસ્તક પરબનું આયોજન કરવામાં આવ્યું એંછે.

કલોલ ખાતે પુસ્તક પરબ તા. ૪થી જાન્યુઆરી રવિવારે સવારે ૭.૩૦ થી ૯.૦૦ વાગ્યા દરમિયાન વેપારી જીન ખાતે શકિત શોપીંગ સેન્ટરમાં યોજાશે.

પ્રાંતિજમાં પુસ્તક પરબ તા. ૪થી જાન્યુઆરી રવિવારે સવારે ૭.૩૦ થી ૯.૦૦ વાગ્યા દરમિયાન સોનીવાડાના નાકા આગળ યોજાશે.

# છગનભા વિજય પદ્મ મહોત્સવમાં જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનો ઉત્કૃષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા.૩૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના આદ્ય સ્થાપક સ્વ. છગનભાની સ્મૃતિમાં 'છગનભા વિજય પદ્મ મહોત્સવ' ઉજવવામાં આવ્યો હતો. જેમાં એથ્લેટિકસ, ઈન્ડોર ગેમ્સ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ એમ ત્રણ વિભાગમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં જે.બી. પ્રાથમિક વિદ્યાલયે એથ્લેટિકસ અને સાંસ્કૃતિક (બૌધિક) એમ બે વિભાગમાં ચેમ્પિયનશીપ મેળવી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

જે.બી. પ્રાથમિક વિદ્યાલય વતી એથ્લેટિકસ વિભાગમાં ૧૦૦ મી. દોડમાં ધો-૮-કના ધ્રુવ લખજીભાઈ ચરપોટ તૃતીય ક્રમે, ગોળા ફેંકમાં ધો-૮-ગના હર્ષ એચ. પરમાર પ્રથમ, રાયફલ શુટીંગમાં ધો-૮એના યુગ પારેખ પ્રથમ અને લાંબીકૂદમાં ધો-૮-અના શિવ એચ. ધાનેચા દ્વિતિય સ્થાને વિજેતા રહ્યા હતાં. ઈન્ડોર ગેમ્સના વિભાગમાં બેડમિન્ટનની રમતમાં ધો-૮એના પૂજન જે. પટેલ, કરાટેમાં ધો-૮-ના કિશન ડી. પ્રજાપતિ અને સ્કેટીંગમાં ધો-૭-ડના જય એચ. આચાર્ય દ્વિતિય ક્રમે વિજેતા બન્યા હતાં. આ ઉપરાંત સાંસ્કૃતિક (બૌધિક) વિભાગમાં કેરમમાં ધો-૮-ગના કેયુર બી. પ્રજાપતિ પ્રથમ ક્રમે, વકતૃત્વ સ્પર્ધામાં ધો-૮-બીના જીનલ જી. પટેલ અને નિબંધ લેખન સ્પર્ધામાં ધો-૬એના કુશલ પી. પટેલ તૃતીય ક્રમે વિજેતા થયા હતાં.

જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના ઉત્કૃષ્ઠ દેખાવને કારણે છગનભાઈ વિજય પદ્મ મહોત્સવના એથ્લેટિકસ અને સાંસ્કૃતિક એમ બે વિભાગમાં ચેમ્પિયનશીપ મેળવી હતી.



શહેરમાં ખૂણે ખૂણે નવીનીકરણ ચાલી રહ્યું છે. બસ સ્ટોપને નવો લુક અપાઈ રહ્યો છે તેવામાં સેકટર-૨૧/૩૦ બસ સ્ટોપની હાલતમાં કોઈ જ પરિવર્તન નથી. (તસવીર : કશ્યપ નિમાવત)

# બીજા ધર્મને બાધક બને તે ધર્મ નથી કહેવાતો : શાસ્ત્રી ફુલશંકર વ્યાસ

## સે-૨૨માં શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં શાસ્ત્રીજીની અમૃતવાણી

## રેલાઈ : જે કોઈનો વિરોધી ન હોય તે જ ધર્મ છે : શાસ્ત્રીજી

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરના સે-૨૨માં આનંદવાટિકા સોસાયટીમાં ચામુંડા મંડળ દ્વારા શાસ્ત્રી ફુલશંકર વ્યાસની વ્યાસપીઠે શ્રીમદ્ ભાગવત કથા સપ્તાહ યોજાઈ છે. જેમાં શાસ્ત્રીજી શાસ્ત્રોકત જ્ઞાનની સરિતા વહાવી રહ્યા છે. આ જ્ઞાનને ધર્મપ્રેમી ભકતો સાંભળીને ગદગદીત થઈ રહ્યાં છે.



શાસ્ત્રીજીએ શ્રીમદ્ ભાગવતના પ્રથમ શ્લોક 'સત્યમ્ પરમ ધીમહિ'નીએકસો આઠ વ્યાખ્યાઓ હોવાનું જણાવતા આ મહાગ્રંથને 'નિગમકલ્પતરોર્ગલિતમ્ ફલમ્' એટલે કે વેદોરૂપી કલ્પવૃક્ષનું પાકીને ખરેલું ફળ સમાન ગણાવતા તેનું શ્રવણ કરવા અનુરોધ કર્યો હતો. તેમણે ભાગવતને કેવળ ચાર શ્લોકોમાં દેવર્ષિ નારદે ભગવાન વ્યાસને કહ્યું હુતં જેને વ્યાસ મહારાજે વિસ્તાર્યું અને પુત્ર શુકદેવજીને આપ્યું હતું તેવું જણાવ્યું હતું. તેમણે કહ્યું કે મનુસ્મૃતિમાંથી ધર્મની અદભૂત વ્યાખ્યા જણાવી હતી કે 'જે ધર્મ બીજાનો બાધક બને છે તે ધર્મ નથી કહેવાતો' 'જે કોઈનો વિરોધી ન હોય તે જ ધર્મ છે.'

શાસ્ત્રીજીએ અવતાર લીલા પણ આ કથા દરમિયાન વિસ્તારપૂર્વક સંભળાવી હતી અને વિસર્ગ એટલે સૃષ્ટિના આરંભથી લઈને પ્રકૃતિના સત્વ, રજ, તમોગુણના સંયોજનોથી નવું સ્વરૂપ બને તેજ પંચ મહાભૂત, પંચ તન્માત્રાઓ, જ્ઞાન, કર્મ, ઈન્દ્રિયો વગેરે ભેગા મળીને સ્વરૂપ બનાવે તેને વિસર્ગ કહે છે તેવું જણાવ્યું હતું. તેમણે સત્રની સમાપ્તિમાં ભગવતી સતીની પિતાદક્ષ પર ક્રોધની લીલા, યોગાગ્નિમાં શરીરનો અંત લાવવો, શકિતપીઠોનું નિર્માણ આદિની વાત કરી હતી. સતી એકમાંથી અનંત બનવા શરીરમાંથી નિવૃત્ત થયા હતા તેવું જણાવતા તેમણે શિવ શકિતના રૂપકનો અર્થ સમજાવ્યો હતો. શિવ એટલે નિષ્ક્રિય બ્રહ્મ અને તેની સાથે શકિતનો સંયોગ સ્પંદન પેદા કરે જેનાથી સૃષ્ટિનું નિર્માણ થાય છે. તા. ૧લી જાન્યુઆરીના સત્રમાં હવે વરાહ અવતારના સંકેતાત્મક રહસ્ય, નૃસિંહ અવતાર અને વામન અવતાર તેમજ શ્રી રામ અવતારની કથા વર્ણવવામાં આવશે.

# વીરમાયા સ્મારક સમિતિની બેઠકમાં દાનની સરવાણી વહી

ગાંધીનગર, તા.૩૧

ગુજરાત વણકર સમાજની વીરમાયા સ્મારક સમિતિની એક બેઠક તા. ૨૮મી ડિસેમ્બરે ગાંધી આશ્રમ ખાતેના સફાઈ વિદ્યાલયમાં મળી હતી. આ બેઠકમાં સંસ્થાના પ્રમુખ ઝવેરભાઈ ચાવડા સહિત સર્વે હોદ્દેદારો, સભ્યો અને આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતાં.

આ બેઠકમાં પાટણ ખાતે વીરમાયા સ્મારક ભવનનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે તેના માટે દાતાઓ અને સભ્યોનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં સભ્યોએ વિશેષ દાનની જાહેરાત કરી હતી જેની પહેલ પ્રમુખ ઝવેરભાઈ ચાવડા દ્વારા કરાઈ હતી. કાર્યક્રમના અંતમાં સારા એવા ભંડોળના દાનની સરવાણી વહી હતી જેને સભ્યોએ વધાવી લીધી હતી.




ચિલોડા સર્કલ હવે ગાંધીનગર તાલુકાનું ધમધમતું વેપારી મથક તેમજ નેશનલ હાઈવે પરનું અગત્યનું જંકશન બની જવા પામ્યુ છે. આ કારણે અહીં લોકોની અવરજવર પણ ખૂબ વધી જવા પામી છે. વળી, ચિલોડાની નજીક જ એરફોર્સ, બીએસએફ, આર્મી અને સીઆરપીએફની છાવણીઓ આવેલી છે જયાં દેશભરમાંથી જવાનો નોકરી કરવા પરિવાર સાથે આવ્યા હોય છે. જેઓ પણ તેમની નાની મોટી ખરીદી માટે ચિલોડાના બજારનો ઉપયોગ કરે છે. આ કારણે અમદાવાદ ડિસ્ટ્રીકટ કો-ઓપ બેંક દ્વારા અહીં એટીએમ સેવાનો પ્રારંભ કરાયો છે. રાજય સરકારના મંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે ઉદઘાટન કરવામાં આવેલા આ એટીએમ કેન્દ્રના કારણે આ વિસ્તારના નાગરિકોમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# નર્મદા જળસંપત્તિ વિભાગને હરાવી શહેરી વિકાસ વિભાગની ટીમ સેમી ફાઈનલમાં

ગાંધીનગર, તા.૩૧

સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટની કવાર્ટર ફાઈનલ મેચમાં શહેરી વિકાસ વિભાગે નર્મદા જળ સંપત્તિ વિભાગની ટીમને ૧૨ રને હરાવી સેમી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. શહેરી વિકાસ વિભાગની ટીમે પ્રથમ દાવ લેતા ૨૯.૩ ઓવરમાં ૧૭૦ રન બનાવ્યા હતા જેમાં સંદીપસિંહ ગોહિલના ૪ છગ્ગા અને ૪ ચોગ્ગા સાથે ૫૪ રન, નિતેશ પારેખના ૪૩ રન અને જીગર સોનીના ૨૧ રન મુખ્ય હતા. નર્મદા જળ સંપત્તિ વિભાગના કેતન ભાવસારે ૩ વિકેટ ઝડપી હતી.

નર્મદા જળ સંપત્તિ વિભાગ જવાબમાં ૩૦ ઓવરમાં ૬ વિકેટે ૧૫૫ રન નોંધાવી શકી હતી. જેમાં વિરલ દુબલના ૬૮ રન તેમજ કેતન ભાવસારના ૨૪ રન મુખ્ય હતા. શહેરી વિકાસ વિભાગના પરેશ ચૌધરીએ ૬ ઓવરમાં ૩ વિકેટ ઝડપી હતી. આમ શહેરી વિભાગનો ૧૫ રને વિજય થયો હતો આ મેચમાં ઉત્કૃષ્ઠ દેખાવ બદલ સંદીપસિંહ ગોહિલને મેન ઓફ ધ મેચનો એવોર્ડ આપવામાં આવ્યો હતો.

# આજે સે-૩૦માં સુંદરકાંડના પાઠ

ગાંધીનગરના સે-૩૦ ખાતે આવેલ અંબાજી માતાના મંદિરે તા. ૧લી જાન્યુઆરી ગુરુવાર ૨૦૧૫ના રોજ બપોરે ૨ થી ૫ વાગ્યા દરમિયાન સંગીતમય સુંદરકાંડનું આયોજન કરવામાં આવ્યું છે. આ સુંદરકાંડ કથાકાર સંજય ભારતી ગોસ્વામી દ્વારા કરાવવામાં આવશે.



રાજય સરકારના સચિવાલયમાં માહિતી અને પ્રસારણ વિભાગના સેકશન અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રી ડી.બી. જાની વય નિવૃત્ત થતા તેમનો વિદાય શુભેચ્છા સમારંભ યોજવામાં આવ્યો હતો. શ્રી ડી.બી. જાનીની સુદીર્ઘ પ્રશંસનીય કામગીરીને બિરદાવી, તેઓના ભાવિ નિરામય અને સુદીર્ઘ જીવનની વિભાગ દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી હતી અને શ્રીફળ આપી, શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિભાગ સાથે તેઓની ફરજ દરમિયાનના સંસ્મરણોને તાજા કરી વિભાગના કર્મયોગીઓ દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૩
સૂર્યાસ્ત : ૬.૦૪

## તાપમાન

મહત્તમ : ૨૫.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૦.૬ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૭ ટકા ● સાંજે ૩૮ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

**: સ્ક્રીન-૧ :**
પી.કે. : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૨ :**
લિંગા : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
**સ્ક્રીન-૩ :**
પી.કે. : ૧૨.૦૦, ૬.૦૦
લિંગા : ૩.૦૦, ૯.૦૦

### સીટી પલ્સ

**: સ્ક્રીન-૧ :**
પી.કે. : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
**: સ્ક્રીન-૨ :**
પી.કે. : ૧૨.૦૦, ૫.૦૦, ૮.૦૦
**: સ્ક્રીન-૩ :**
પી.કે. : ૧૧.૧૫
નાઈટ એટ ધ મ્યુઝિયમ (ઈંગ્લીશ) : ૨.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૮.૦૦, ૧૦.૦૦
**: સ્ક્રીન-૪ :**
પી.કે. : ૧૦.૦૦
અગલી : ૧.૦૦, ૧૦.૦૦
લિંગા (હિંદી) : ૩.૪૫
મુકુન્દા (તેલુગુ) : ૭.૦૦
**: સ્ક્રીન-૫ :**
અગલી : ૪.૦૦
લિંગા (હિંદી) : ૬.૩૦
પી.કે. : ૯.૩૦

### સિનેમેક્સ

**: સ્ક્રીન-૧ :**
પી.કે. : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦
**: સ્ક્રીન-૨ :**
પી.કે. : ૧૧.૨૦, ૨.૪૦, ૬.૦૦, ૯.૨૦
**સ્ક્રીન-૩ :**
પી.કે. : ૯.૫૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૩૦, ૧૦.૪૫
**સ્ક્રીન-૪ :**
પી.કે. : ૧૦.૪૦, ૨.૦૦, ૫.૨૦, ૮.૪૦

## આપની આજ

**મેષ** : વ્યવસાયિક પ્રતિસ્પર્ધામાં તમે વિજય મેળવી શકો છો. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે.

**વૃષભ** : દિવસ મધ્યમ ફળદાયી રહેશે. વ્યાપાર-વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. સામાજિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે.

**મિથુન** : સામાજિક સમ્માનની પ્રાપ્ત થશે. અવસર હિતકર થશે. આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે. વ્યપારીકક્ષેત્રે ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. માતા-પિતાના આરોગ્યની ચિંતા રહેશે.

**કર્ક** : વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ અપેક્ષિત છે. મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર-વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે.

**સિંહ** : આમોદ-પ્રમાદના અવસર આવશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. લગ્ન સંબંધી ચર્ચા ચાલશે.

**કન્યા** : આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. હમણાં સુધારામાં સમય લાગશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે.

**તુલા** : પારિવારિક વાતાવરણ અસંતાષકારક રહેશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધારા કરવું જરૂરી છે. વ્યાપાર અથવા આજીવિકામાં સમસ્યા આવી શકે છે. માતા-પિતાના આરોગ્યની ચિંતા રહેશે.

**વૃશ્ચિક** : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે.

**ધન** : મકાન સંબંધી સમસ્યાઓમાં સમાધાન થઈ શકે છે. ભૌતિક સુખ-સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે.

**મકર** : લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો.

**કુંભ** : ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ગુસ્સા અને આવેગ પર કાબૂ રાખવો. ભૌતિક સુખમાં વધારો થઈ શકે છે. આવકમાં વધારો થઈ શકે છે. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે.

**મીન** : વ્યાપારક્ષેત્રમાં હાનિ ન થાય તેની તકેદારી રાખવી. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. માતા-પિતાના આરોગ્યની ચિંતા રહેશે. ધર્મ-કર્મમાં ખર્ચ થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ રામાભાઈ અંબાલાલ (ઉ.વ.૭૮) મુ. રૂપાલ, તા.જી. ગાંધીનગર
- સ્વ. મણીબેન ભવાનજી ઠાકોર (ઉ.વ.૬૫) મુ. શોભાસણ, તા. કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. કંચનબેન છનાભાઈ ભટ્ટ (ઉ.વ.૭૪) પ્લોટ નં. ૬૯૦/૨, સેક્ટર-૫બી, ગાંધીનગર
- સ્વ. મણીબેન પુરુષોત્તમભાઈ તુરી (ઉ.વ.૭૫) મુ. પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. પ્રિયંકાબેન પરાગભાઈ ભંગી (ઉ.વ.૧૬) મુ. તારોરા, તા.સમી, જી. પાટણ